વિષય : ગુજરાતી　　　　ધોરણ : 7　　　　સત્ર : 1

## એકમ કસોટી

# 6. ભીખુ　　　　જવાબવહી

---

### પ્રશ્ન:1 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

**(1) લેખક કોની વર્તણૂક બારીકાઈથી જોઈ રહ્યા હતા? શા માટે ?**

**ઉત્તર:** લેખક મીઠાઈની દુકાન પાસેના એક ખૂણામાં ઊભેલા દસ-બાર વર્ષના એક ગરીબ છોકરાની વર્તણૂકને બારીકાઈથી જોઈ રહ્યા હતા, તે ભૂખ્યો હતો, તેથી અત્યંત તૃષ્ણાથી અનિમેષ દૃષ્ટિએ મીઠાઈના થાળ તરફ અને સૌથી આગળ મૂકેલી જલેબીનાં ચકચકિત ગૂંચળાં તરફ જોઈ રહ્યો હતો.

**(2) ભીખુ દાળિયા ખાતાં શા માટે અટકી ગયો ?**

**ઉત્તર:** શીંગ-ચણાની લારીવાળા પાસેથી ભીખુએ છ પૈસાના દાળિયા લીધા હતા. તે પછી તે નીચે ધૂળમાં ચીંથરું પાથરી તેમાં દાળિયા બાંધવા લાગ્યો. તેણે આ ચીંથરામાંથી મૂકેલ દાળિયામાંથી એક મુઠ્ઠી દાળિયા મોંમા મૂકવા જતો હતો ત્યાં એને તેનાં ભૂખ્યાં ભાંડુઓ યાદ આવ્યાં, તેથી તે દાળિયા ખાતાં અટકી ગયો.

**(3) ભીખુએ જલેબી ખરીદીને શા માટે ખાધી નહીં ?**

**ઉત્તર:** મીઠાઈની દુકાનમાં એકદમ આગળ મૂકવામાં આવેલી જલેબીનો થાળ જોઈ ભીખુના મોંમાં પાણી આવી ગયું હતું. છતાં તેણે જલેબી ખરીદી નહીં કારણ કે જલેબીને બદલે દાળિયા લે તો દાળિયા તેનાં બધા ભાંડુઓને થોડા-થોડા ખાવા મળે.

**(4) ભીખુ એની મા પાસે શા માટે ખોટું બોલ્યો ?**

**ઉત્તર:** ભીખુ 'કુટુંબનો સ્તંભ' હતો. આજે ભીખુ અને એનાં ભાડુઓ સવારથી ભૂખ્યાં હતાં. ભીખુ પાસે એટલા પૈસા કે એટલા દાળિયા નહોતા, કે જેથી બધાંની ભૂખ સંતોષી શકાય, એટલી ખાવાની વસ્તુ ખરીદી શકાય. તે બધાં ભાંડુઓમાં મોટો હતો તેથી પોતાની ભૂખને દબાવી બીજાને ખાવા મળી રહે તે માટે તે મા આગળ ખોટું બોલ્યો.

### પ્રશ્ન:2 નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો.

(1) 'ખાવાનું તો ભાઈ લાવે ત્યારે..' - <u>મા</u>

(2) 'એક શેઠિયે મને જલેબી ખવડાવી.' - <u>મોટો છોકરો</u>

# 6. ભીખુ

## જવાબવહી

(3) 'મા ! કાંઈ ખાવાનું છે ?' - <u>ઊંઘમાંથી ઉઠેલું છોકરું</u>

(4) 'એઈ - આંખ પણ નથી કે શું ?' - <u>પારસી બાનુનો પટાવાળો</u>

**પ્રશ્ન:3 નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

(1) દ્રશ્ટી - દૃષ્ટિ

(2) નાળીએર - નાળિયેર

(3) વિજળી - વીજળી

(4) અવીશ્વાશ - અવિશ્વાસ

**પ્રશ્ન:4 નીચે આપેલા શબ્દોના અર્થ લખો.**

(1) રહમ - દયા

(2) ઘેલછા - ધૂન

(3) સમાધિ - ઊંડુ ધ્યાન

(4) શરમિંદું - ઝંખવાણું